# ભવિ ભાવે દેરાસર આવો

(રાગ: ઝટ જાઓ, ચંદનહાર લાવો, ઘૂંઘટ નહિ ખોલું રે)

ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો (૨)
પછી પૂજન કરી શુભ ભાવે, હ્રદયપટ ખોલોને (૨)

શિવપૂર જિનથી માંગજો, માંગી ભવનો અંત,
લાખ ચોર્યાસી વારવા, ક્યારે થઈશું (૨) અમે પ્રભુ સંત રે, હ્રદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો
પછી પૂજન કરી શુભ ભાવે, હ્રદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો

મોંઘી માનવ જિંદગી, ને મોંઘો પ્રભુનો જાપ,
જપી ચિત્તથી દૂર કરો, તમે કોટિ (૨) જનમના પાપ રે, હ્રદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો
પછી પૂજન કરી શુભ ભાવે, હ્રદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો

તું છે માહરો સહિબો, ને હું છું તારો દાસ,
દીનાનાથ મુજ પાપીને, પ્રભુ આપોને (૨) શિવપૂર વાસ  રે, હૃદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો
પછી પૂજન કરી શુભ ભાવે, હૃદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો

છાણી ગ્રામનો રાજીયો, નામે શાંતિ જિણંદ,
આત્મકમલમાં ધ્યાવતા, શુદ્ધ મલે (૨) લબ્ધિનો વૃંદ  રે, હૃદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો
પછી પૂજન કરી શુભ ભાવે, હૃદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો

(ચગાવવું)

ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો
પછી પૂજન કરી શુભ ભાવે, હૃદયપટ ખોલોને
ભવિ ભાવે દેરાસર આવો, જિણંદવર જય બોલો

2017-01-22 – https://youtu.be/-vT3tjzoKx8